# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref No. PN 2024-25/119 Dt. 24/10/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા બિઝનેસ મિટીંગની સાથે દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી

### ભારતના પૂર્વ કેન્દ્રિય ટેક્ષ્ટાઇલ્સ એન્ડ રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોષે મહિલા સાહસિકોએ જીવનમાં તથા બિઝનેસમાં આત્મનિર્ભર બની આગળ વધવા પ્રોત્સાહિત કર્યા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલની મહિલા સાહસિકોએ બુધવાર, તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ નિરાંત ફાર્મહાઉસ, સુરત ખાતે 'WEC દિવાળી મીટ અને ઉજવણી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટીંગમાં WECના સભ્યો તથા અન્ય મુલાકાતીઓ મળીને ૫૦થી વધુ મહિલા સાહસિકોએ હાજરી આપી હતી.

આ પ્રસંગે ભારતના પૂર્વ કેન્દ્રિય ટેક્ષ્ટાઇલ્સ એન્ડ રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોષ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. દર્શનાબેને મહિલા સાહસિકોએ જીવનમાં તથા બિઝનેસમાં આત્મનિર્ભર બની આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ તથા ગૃપ ચેરમેન શ્રી દીપક શેઠવાલા અને શ્રી ભાવેશ ટેલરે ખાસ હાજરી આપી હતી. મિટીંગમાં માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ગૃપ ચેરમેન શ્રી ભાવેશ ટેલરે વુમન આંત્રપ્રિન્યોર સેલનું વિઝન વિષે માહિતી આપી હતી.

વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી કૃતિકા શાહે મેમ્બરોનું સ્વાગત કરી વેન્યુ હોસ્ટ એડવોકેટ માનીશ પટેલનું સ્વાગત કર્યુ હતું. સેલના એડવાઈઝર સુશ્રી સ્વાતી શેઠવાલાએ WECની પ્રવૃત્તિઓની વિગતવાર

જાણકારી તેમજ આવનારી મિટીંગ અંગેની માહિતી આપી હતી. સેલના સભ્ય સુશ્રી અમાનત કાગઝીએ શ્રીમતી દર્શના જરદોશનો પરિચય આપી મિટીંગનું સંચાલન કર્યું હતું.

સેલના સભ્ય સુશ્રી અમાનત કાગઝી તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે ૨૦ સેકન્ડ બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. સભ્ય શ્રી પારુલ સોસા અને જહાન્વી શ્રોફ દ્વારા કવીઝ અને રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળી સેલિબ્રેશન માટે ખાસ સભ્ય શ્રી નયનાબેન શૈલેષભાઈ કાત્રોડીયાએ ખુબ જ સરસ થ્રીડી રંગોળી કરી હતી. વુમન આંત્રપ્રિન્યોર સેલના કો – ચેરપર્સન શ્રી નિમિષા પારેખે મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની મિટીંગનું સમાપન કર્યું હતું.